dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

July 2009 For private circulation only Vol. 01 - Issue 13

दृष्टान्तो नैवदृष्टिस्त्रिभुवन जठरे सद्गुरोर्ज्ञानदातुः
स्पर्शश्वेतत्रकल्पः सनयति यदहोस्वर्णताश्मसारं ।
न स्पर्श त्वं तथापि श्रितचरणयुगे सद्गुरूः स्वीयशिष्ये
स्वीयं साम्यं विधत्ते भवति निरूपमस्तेनवालौकिकोपि ।।

અર્થાત્ 'જ્ઞાન આપનાર સદ્ગુરૂનું ત્રણે લોકમાં દ્રષ્ટાંત જ નથી. દ્રષ્ટાંત આપવું જ હોય તો તે લોખંડનું સોનું કરનાર પારસમણિ છે. પરંતુ પારસમણિ લોખંડનું સોનું કરનાર છે પણ લોખંડનો પારસમણિ નથી કરતો. પરંતુ ગુરૂ તો શિષ્યને પોતાનું ગુરુત્વ આપે છે. તેથી જ ગુરૂ નિરૂપમેય છે.

શ્રીમદ્ આદ્ય શંકારાચાર્ય

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

વૈદિક ચાતુર્માસના યજ્ઞના ખ્યાલનું સ્થાન અનુષ્ઠાનોએ લીધું તેને વ્યકત કરવાનું પર્વ એટલે ગુરૂ પૂર્ણિમા. અષાઢી પૂર્ણિમાથી ચોમાસાના ચાર માસ દરમ્યાન વેદ-અધ્યયન, ધર્મગ્રંથોનું વાચન-શ્રમણ તથા ચાતુર્માસ વ્રતોનો પ્રારંભ થાય છે. ભારતીય પરંપરામાં જ્ઞાન અને જ્ઞાનના ઉપદેશક ગુરૂનો મહિમા વિશેષ હોવાથી આ દિવસે ગુરૂનું પૂજન-સન્માન થાય છે. પ્રાચીનકાળમાં માત્ર બ્રહ્મજ્ઞાનીઓ અર્થાત બ્રહ્મનો સાક્ષાત્કાર કરનારા મહાપુરુષો જ 'ગુરૂ' કહેવાતા હતા. સમયના વહેણની સાથે ગુરુઓ બ્રહ્મજ્ઞાની મટી માત્ર શાસ્ત્રજ્ઞાની થયા અને 'ગુરુ' અને 'શિષ્ય'નો સંબંધ 'આચાર્ય' અને 'અંતેવાસી'નો થયો. આજની પરિસ્થિતિમાં હવે 'આચાર્ય' અને 'અંતેવાસી' પણ નથી રહયા. હવેના સંબંધો માત્ર 'શિક્ષક' અને 'છાત્ર' કક્ષાના રહયા છે.

ભારતમાં ગુરુ પરંપરા હતી. જનકના ગુરુ યાજ્ઞવલ્કય હતા અને જનક શુકના ગુરુ હતા. નિવૃત્તિનાથના શિષ્ય જ્ઞાનદેવ હતા અને વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસ હતા. શંકરાચાર્યના ગૌડપાદાચાર્ય ગુરુ હતા તો કબીર, રામાનંદના શિષ્ય હતા. પાશ્ચાત્ય દેશોમાં ગુરુ પૂજન નહોતું પણ 'હું અમુકનો શિષ્ય છુ' એમ કહેવામાં ગૌરવ લેવાતું. 'હું સોક્રેટિસનો શિષ્ય છું' એમ કહેવામાં પ્લેટો ધન્યતા અનુભવતો. 'પ્લેટો મારો ગુરુ છે' એમ કહેવામાં એરિસ્ટોલને જીવનની કૃતકૃત્યતા જણાતી. 'માર્કસનો હું શિષ્ય છું' એવું લેનિન હંમેશા કહેતો.

'ગુરુ' શબ્દની ઉત્પત્તિ સંસ્કૃત ધાતુ 'ગૃ' પરથી થયેલી છે. 'ગૃ' એટલે જાહેર કરવું, ખુલ્લું કરવું, પ્રકાશિત કરવું, પ્રસિધ્ધ કરવું, પ્રગટ કરવું, વ્યકત કરવું, ઉચ્ચારવું, વગેરે. 'રુ'નો અર્થ અંધકાર કાઢવાવાળો થાય છે. તેથી અંધકાર કાઢનારો તે ગુરૂ છે. અવિદ્યારૂપી અંધકારને જે દૂર કરે તે ગુરુ કહેવાય છે. જેનાથી જીવનના ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ થાય તેવી વિદ્યાને પ્રેયસવિદ્યા કહે છે. આજે અપાતું શિક્ષણ એ પ્રેયસ વિદ્યા છે જેનાથી રોજગારલક્ષી વ્યવહારુ જીવનનું શિક્ષણ મળે છે. જે વિદ્યાથી શિવની પ્રાપ્તિ થાય, આત્મ સ્વરૂપની ઓળખાણ થાય, આત્મા છે તેનો અહેસાસ થાય તે શ્રેયસ વિદ્યા છે. આવી શ્રેયસ વિદ્યાનાં દર્શન કરાવનાર સદ્ગુરુ છે. એવા સદ્ગુરુની પૂજાનો દિવસ એટલે અષાઢી પૂર્ણિમા.

આપણા શાસ્ત્રોએ સદ્ગુરુ અથવા સાચા ગુરુ કોણ કહેવાય એ અંગે વ્યાખ્યા આપી છે :

गुरुवो निर्मलाः शान्ताः ज्ञानिनाः मितभाषिणः

काम क्रोधविनिर्मुक्ताः सदाचाराः जितेन्द्रियाः ।

'गुरुवो निर्मलाः' અર્થાત્ ગુરુ એ છે જે નિર્મળ છે. શિષ્યના તન, મન અને બુધ્ધિના મળ કાઢી નાખે છે. જે આવા ગુરુ છે એના પોતાના તનમાંય મેલ ન હોય, અને બુધ્ધિમાં પણ મેલ ન હોય, એવા ગુરુ 'નિર્મલ' કહેવાય.

'गुरुवो शान्ताः' અર્થાત્ ગુરુ શાન્ત હોય છે. જેના મનમાં કોઈ વિચાર જ ઊઠતો નથી, છતાં સર્વજ્ઞ છે એવા ગુરુને 'શાન્ત' કહ્યા છે. સાચા ગુરુને સંપૂર્ણ જ્ઞાન છે તેથી કંઈ વિચારવાનું રહેતું નથી, એના મનમાં કોઈ વિચાર ઊઠતો નથી તથા ચિત્તવૃત્તિઓ જેની શાંત થઈ છે.

'गुरुवो ज्ञानिनाः' અર્થાત્ ગુરુ જ્ઞાની છે. શાસ્ત્રો વાંચીને તથા પુસ્તકો વાંચી વ્યાખ્યાન આપનારા પંડિત કહેવાય. અનુભૂતિયુકત જ્ઞાન એ જ સાચું જ્ઞાન. આવું જ્ઞાન સાધના થકી જ પ્રાપ્ત થાય.

'गुरुवो मितभाषिणः' અર્થાત્ ગુરુ મિતભાષી હોય. જે જ્ઞાની બની જાય છે તેની વાણી સૂત્રાત્મક બની જાય છે. આવા ગુરુના અલ્પ શબ્દો પણ શાસ્ત્ર બની જાય છે. આથી જ મહાપુરુષોએ રચેલાં આપણા શાસ્ત્રોને 'શબ્દ પ્રમાણ' માનવામાં આવે છે.

'गुरुवो कामक्रोधनिर्मुक्ताः' અર્થાત્ સદ્‌ગુરુમાં કોઈ જાતની કામના ન હોય, એનામાં ક્રોધ પણ ન હોય. કામ એટલે માત્ર જાતીય વાસના જ નહી પરંતુ કોઈ પણ પ્રકારની કામના ન હોવી. જેમાં ધન, પ્રતિષ્ઠા જેવી તમામ બાબતોનો સમાવેશ થાય છે.

'સદ્‌ગુરુ'ની વ્યાખ્યામાં આગળ જણાવ્યું છે गुरुवो सदाचाराः, ગુરુ સદાચારી હોય છે. સદાચાર એટલે સત્‌નું આચરણ એટલે કે હંમેશાં સત્યનું આચરણ કરે તે ગુરુ.

વ્યાખ્યામાં છેલ્લે કહયું છે કે, गुरुवो जितेन्द्रियाः અર્થાત, ગુરુ જિતેન્દ્રિય હોવા જોઈએ. સાંસારિક રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ રૂપી પાંચ વાસનાઓ પર જેણે વિજય મેળવ્યો છે તે જિતેન્દ્રિય કહેવાય.

ઉપર દર્શાવેલ બધાં લક્ષણો હોય, એટલે કે જે સંપૂર્ણપણે નિર્મલ, શાંત, જ્ઞાની અને મિતભાષી હોય, જે બિલકુલ કામ-ક્રોધ વિનાના હોય અને સદાચારી તેમજ જિતેન્દ્રિય હોય તે સાચા 'સદ્‌ગુરુ'.

સાચા ગુરુને શી રીતે ઓળખવા એ ખૂબ અઘરો પ્રશ્ન છે. આનો જવાબ ગુરુઓની કક્ષા જાણવાથી થઈ શકે. દૈવત પ્રમાણે ગુરુઓને છ કક્ષાઓમાં વિભાજીત કરવામાં આવ્યા છે. પ્રથમ પ્રકારમાં 'દિવ્ય ગુરુ' અથવા 'પરમગુરુ' છે જેમાં પરમાત્મા અથવા ઈશ્વરને જ આદિગુરુ ગણવામાં આવે છે. कृष्णं वंदे जगद्‌गुरुम् । કે शिवं वंदे जगद्‌गुरुम આપણે બોલીએ છીએ. તમામ પરંપરાઓના મૂળગુરુ-આદિગુરુ તો ભગવાન જ છે. શ્રી કૃષ્ણ ભગવાન 'ગીતા'માં આ યોગવિદ્યાનો પ્રસાર કેવી રીતે થયેલો તે અર્જુનને જણાવે છે.

ગુરુઓના બીજા પ્રકારમાં 'ઋષિ-મુનિ'ઓ અને 'સિધ્ધો'નો સમાવેશ થાય છે. બ્રહ્માજીના તમામ માનસપુત્રો : સનક, સનંદન, સનાતન, સનતકુમાર, નારદજી, મરિચી, અત્રિ, અંગિરા, પુલત્સ્ય, કૃતુ, વશિષ્ઠ, ભૃગુ, ઋભુ વિગેરે સિધ્ધ ગુરુઓ છે. પાછળથી માનવજાતમાંથી જેઓ યોગ સાધના દ્વારા સિધ્ધો બન્યા તેઓ પણ એ કક્ષાના ગુરુઓ છે.

સિધ્ધગુરુથી ઊતરતી કક્ષાના ગુરુને 'યોગીગુરુ' કહેવાય છે. આવા યોગીગુરુઓ વેદ-વેદાંગના જ્ઞાનમાં પારંગત હોય છે, તથા સદા યોગાનુંસંધાનમાં રત રહે છે. સર્વના હૃદયને આકર્ષનાર છે. ગોરખનાથ, પતંજલી જેવા યોગીઓને આ કક્ષામાં મૂકી શકાય. પછીના ક્રમે 'સાધકગુરુ'ઓ આવે છે. જેમાં બે પ્રકારના સાધકોનો સમાવેશ થાય છે : એક, 'નિવૃત્તિમાર્ગી' સાધકગુરુઓ અને બીજા, 'પ્રવૃત્તિમાર્ગી' સાધકગુરુઓ, નિવૃત્તિમાર્ગી સાધકગુરુઓ જનસંસર્ગ ત્યાગીને માત્ર એકાંતિક સાધના કરે છે. જયારે પ્રવૃત્તિમાર્ગી સાધકગુરુઓ પોતાના ગુરુ પાસેથી દીક્ષા મેળવી જુદી જુદી પ્રવૃત્તિઓમાં મગ્ન થઈ જાય છે. મઠો સ્થાપવા તથા તેનું સંચાલન કરવું, સમાજસેવાનાં કાર્યો કરવા, પ્રવચનો કરવા જેવી બાબતો મુખ્ય બની જાય છે. સાધનાની પ્રવૃત્તિ સીમિત જ રહે છે.

છેલ્લી કક્ષામાં, 'ધર્મપ્રચારક' ગુરુઓ આવે છે. જેઓ શાસ્ત્રાભ્યાસી વિદ્વાનો હોય છે. આવા ગુરુઓ લૌકિક ધર્મનું શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. યોગવિદ્યાને બદલે શાસ્ત્રોની સમજણ મુખ્યત્વે કથા, પ્રવચનો, આખ્યાનો, ભજન-કીર્તન વિગેરે દ્વારા આવા ગુરુઓ આપે છે. વર્તમાન સમયમાં અસંખ્ય ધર્મ પ્રચારક ગુરુઓ વિદ્યમાન છે.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુ-શિષ્યનો સંબંધ એ પાવિત્ર્ય, પ્રેમપૂર્ણ અને શ્રેષ્ઠતમ્ ગણ્યો છે. ગુરુ સંસ્કારદાતા પિતા છે. મન, બુધ્ધિ, આત્માને પુષ્ટ બનાવે તે રીતના ગુરુ સાચા ગુરુ છે.

સદ્‌ગુરુ કોણ અને કેવો તેની 'યોગવાસિષ્ઠ'માં સ્પષ્ટ સમજણ આપી છે :

ब्रह्मानंदं परमसुखदं केवल ज्ञानमूर्ति
द्वंद्वातीतं गगनसद्रशं तत्त्वमस्यादि लक्ष्यम ।
एकं नित्यं विमलमचलम् सर्वधीसाक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्‌गुरुं तं नमामि ।।

અર્થાત્ 'બ્રહ્મના આનંદરૂપ, પરમસુખરૂપ, જ્ઞાનમૂર્તિ, દ્વન્દ્વથી પર, આકાશ જેવા નિર્લેપ અને સૂક્ષ્મ, 'તત્ત્વમસિ' તે જ તું છે' એ ઈશતત્ત્વ તું જ છે, તેની અનુભૂતિ જેનું લક્ષ્ય છે, જે અદ્વિતીય, નિત્ય, વિમલ, અચલ, કોઈ ભાવથી પર, ત્રિગુણરહિત એવા સદ્‌ગુરુને હું નમસ્કાર કહું છું.'

આજના આ ગુરૂપૂર્ણિમાના પાવન પર્વે વિદ્યાર્થીઓમાં કૃતજ્ઞતા નિર્માણ કરી તેને પ્રજવલિત કરવાની શુભ કામના સહ.

ગુરૂપૂર્ણિમા

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## M. Phil

**A list of M. Phil dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during March-May, 2009.**

**Chemistry**

1. Limbachiya Nileshkumar Gunvantrai. **Substituted chalcone oxime as analytical reagent.** (Dr. K. K. Desai), Retd. Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

**Commerce**

2. Parmar Amitkumar Kantibhai. **Inventory management in sugar industry : a case study of Bardoli, Madhi and Mahuva sugar factories in Surat district.** (Dr. Ajitbhai R. Naik), Lecturer, P.R.B. Arts and P.G.R.Commerce College, Bardoli

**English**

3. Rathod Kirti Dayalbhai. **The institution of marriage in Vijay Tendulkar's plays with reference to Sakharam Binder, Kamala and Kanyadaan.** (Dr. Rakesh N. Desai), Professor, Department of English, Veer Narmad South Gujarat University, Surat.
4. Solanki Pradipkumar Prabhubhai. **Translation of the Gujarati play tirad by Shrikant Shah into english (The Crack) with critical introduction.** (Dr. E. V. Ramakrishnan), Professor & Head, Department of English, Veer Narmad South Gujarat University, Surat.

**Gujarati**

5. Khandra Jagdishbhai Babanbhai. **ચુનીલાલ મડિયાકૃત 'શેવાળનાં શતદલ' અને ઈંધણ ઓછાં પડયાં જાનપદી નવલકથા - એક અભ્યાસ.** (Dr. Nathalal M. Vegda), Department of Gujarati, Shri Vanraj Arts & Commerce College, Dharampur.
6. Patel Punitkumar Babubhai. **'વળામણાં' , 'માનવીની ભવાઈ' અને 'પાછલે બારણે' નવલકથાઓમાં પ્રગટતો માનવસંઘર્ષ** (Dr. Gajanan B. Patel), Shri M. R. Desai Arts and Shri E. E. Laher Kosadia Commerce College, Chikhli.

**Hindi**

7. Gauswami Bhavesh Thakorgiri. अनन्तमूर्ति कृत 'संस्कार उपन्यास का शिल्प-विद्यान. (Dr. Madhuben M. Vasava), Shri M.R. Arts & Science College, Rajpipla.

**History**

8. Desai Vimisha Bharatsinh. **રાષ્ટ્રપ્રેમી, સંસ્કૃતિચાહક અને ખાંડ ઉદ્યોગના ભીષ્મપિતામહ ડૉ. દયારામભાઈ પટેલનું જીવન અને કાર્ય : એક ઐતિહાસિક અધ્યયન (ઈ.સ. ૧૯૧૬ થી ૧૯૮૩)** (Dr. H. Y. Kharvasiya), Principal, Arts & Commerce College Vyara.
9. Patel Bhupendra Shantilal. **આઝાદીની લડતમાં ભરૂચ જિલ્લાની વ્યાયામશાળાઓના વ્યાયામવીરોનું પ્રદાન (ઈ.સ. ૧૯૦૯ થી ૧૯૪૬) એક ઐતિહાસિક અધ્યયન.** (Dr. Bharatsinh G. Desai), Lecturer, Arts, Science & Commerce College, Kholvad.

**Physics**

10. Tandel Kiranbhai Jerambhai. **Thermo gravimetric and microhardness study of potassium Iodided (KI) crystal grown by solution method.** (Dr. I. B. Patel) Reader, Department of Physics, Veer Narmad South Gujarat University, Surat.

**Sanskrit :**

11. Kolhe Niyatiben Pradipkumar. ભાસ રચિત 'अविमारकम्' અને રામચંદ્રસૂરિરચિત 'मल्लिकामकरन्दम्' **એક તુલનાત્મક અધ્યયન.** (Dr. Ninaben C. Bhavnagari), Senior Lecturer, M.T.B. Arts College, Surat.
12. Patel Sunilkumar Chhaganbhai. **શાંકરગીતાભાષ્ય જ્ઞાનયોગ : એક અધ્યયન.** (Dr. Smt. Hansaben A. Parmar), Smt. J. P. Shroff Arts College, Valsad.

## સમર ફિટનેસ કેમ્પ







યુનિવર્સિટીની વિવિધ રમતોના આંતર યુનિવર્સિટી ખેલાડીઓ સહિત રમતવીરો માટે યોજાયેલા ૨૧ દિવસના સમર ફિટનેસ કેમ્પની તા. ૧-૬-૨૦૦૯ના રોજ સેનેટ હોલમાં યોજાયેલા કાર્યક્રમ દ્વારા પુર્ણાહૂતિ થઈ. અધ્યક્ષપદેથી કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિએ જણાવ્યું કે, આ પ્રકારના આયોજનો ખેલાડીઓની શારીરિક, માનસિક-બૌધ્ધિક અને આત્મિય વિકાસની પ્રક્રિયામાં બહુ જ મહત્વનો ફાળો આપે છે.

કુલસચિવશ્રી જે. આર. મહેતાએ કહયું કે, વ્યકિત પ્રેકટીકલ જ્ઞાન મેળવે ત્યારે તેનો ઉપયોગ વધુ સારી રીતે સમજીને કરી શકતો હોય છે. સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈ અને પ્રો. કિરીટસિંહ વાંસદીયા કાર્યક્રમમાં હાજર રહયા હતા. કાર્યક્રમ દરમ્યાન નિયામકશ્રી ડેવિડ પોલે કેમ્પ દરમ્યાન થયેલા સઘન કોચીંગની માહિતી આપી.

## Journal




VNSGU Journal of Administration (A Biannual Publication) Vol.1, Issue : 1, January-June-2009.
Editors : Dr. Manish Sidhpuria and Dr. Priti Garg
Correspondence : VNSGU Journal of Management and Administration, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat-395007

## Result


માર્ચ-જુન, ૨૦૦૯ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ પરીક્ષાઓના પરિણામ :

| Sr. No. | Name of the Examination | Percentage |
|---|---|---|
| 1 | 3rd M.B.B.S. Part I | 86.15 |
| 2 | P.G. Diploma in Medicinal Plant | 100 |
| 3 | 2nd M.B.B.S. | 79.62 |
| 4 | Forth Year B.H.M.S | 61.46 |
| 5 | T.Y. B.Sc | 90.1 |
| 6 | T.Y B.H.M.S | 66.04 |
| 7 | S.Y. B.H.M.S | 44.27 |
| 8 | F.Y. B.H.M.S | 87.85 |
| 9 | M.S. Obstetrics & Gynecology | 68.1 |
| 10 | M.D. (Anesthesiology) | 83.33 |
| 11 | M.D.(Gen. Medicine) | 75 |
| 12 | M.D. (Psychiatry) | 100 |
| 13 | M.D.(Forensic Medicine) | 100 |
| 14 | M.D.(Pediatrics) | 80 |
| 15 | M.D. (Pharmacology) | 100 |
| 16 | M.D.(Pathology) | 100 |
| 17 | M.D.(Radiology) | 100 |
| 18 | M.S.(Gen. Surgery) | 80.33 |
| 19 | M.S.(E.N.T.) | 100 |
| 20 | M.S.(Ophthalmology) | 75 |
| 21 | T.Y.B.Com.(Regular) | 76.83 |
| 22 | T.Y.B.Com.(External) | 49.09 |
| 23 | M.Ed. | 100 |
| 24 | T.Y.B.A. (Regular) | 76.51 |
| 25 | T.Y.B.A. (External) | 43.09 |
| 26 | T.Y.B.R.S. | 98.62 |
| 27 | B.L.I.Sc. | 86.49 |
| 28 | M.D.(Community Medicine) | 100 |
| 29 | M.S.(Orthopedics) | 100 |
| 30 | Diploma i (Radio-Diagnosis) | 100 |
| 31 | T.Y.B.P.E. | 100 |
| 32 | B.B.A.(5th Sem.) | 47.78 |
| 33 | F.Y.(Optometry) | 57.5 |
| 34 | S.Y.(Optometry) | 100 |
| 35 | F.Y.Optometry (First Sem.) | 87.5 |
| 36 | S.Y.Optometry (3rd Sem.) | 100 |
| 37 | B.Ed.(May 2009) | 100 |
| 38 | B.Ed.(April 2009) | 99.73 |
| 39 | B.B.A.(3rd Sem.)April 2009 | 51.85 |
| 40 | B.B.A.(4th Sem.)April 2009 | 75.05 |
| 41 | B.B.A.(6th Sem.) | 88.33 |
| 42 | B.Pharm.(4th year) | 99.17 |
| 43 | F.Y.B.Sc. | 99.92 |
| 44 | M.L.I.Sc. | 100 |
| 45 | F.Y.B.Com.(Regular) | 51.88 |
| 46 | F.Y.B.Com.(External) | 34.87 |
| 47 | M.P.E.Part:I | 100 |
| 48 | M.P.E.Part:II | 100 |
| 49 | S.Y.B.R.S. | 90.37 |
| 50 | F.Y.B.R.S. | 82.98 |
| 51 | M.Com.Part:II | 42.57 |
| 52 | B.Sc.I.T.(5th Sem.) | 100 |
| 53 | M.B.A.(Tourism & Hos.Mgt.) | 96.67 |
| 54 | B.Sc.I.T.(6th Sem.) | 98.09 |
| 55 | S.Y.B.Com.(Regular) | 84.84 |
| 56 | S.Y.B.Com.(Ext) | 83.44 |
| 57 | F.Y.B.A.(Regular) | 91.67 |
| 58 | F.Y.B.A.(Ext) | 91.56 |
| 59 | M.Sc.II | 97.68 |
| 60 | S.Y.B.Sc. | 96.55 |

## National Conference




યુનિવર્સિટીના Department of Business & Industrial Management તથા Department of Public Administrationના સંયુકત ઉપક્રમે તા. ૨૬-૨૭ જુન ૨૦૦૯ દરમ્યાન યુ.જી.સી. સ્પોન્સર્ડ "Infrastructure development in India" વિષય ઉપરની નેશનલ કોન્ફરન્સ યોજાઈ ગઈ. આ કોન્ફરન્સના ઉદ્દઘાટન સમારંભમાં કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિ પ્રમુખ સ્થાને બિરાજયા હતા અને મુખ્ય અતિથિ તરીકે શ્રી સી. સતીષ “GM, ONGC, Hazira Plant” તથા અતિથિ વિશેષ તરીકે શ્રી શરદ ભાટીયા “CEO, Phoenix ARC Pvt. Ltd. Mumbai” પધાર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ભાટીયા આ ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.




બન્ને વિભાગો દ્વારા સંયુકત રીતે પ્રકાશિત VNSGU Journal of Management and Administrationના પ્રથમ અંકનું વિમોચન કરવામાં આવ્યુ હતું.




આજ સમારંભમાં ડી.બી.આઈ.એમ.ના રિડર ડૉ. મનીષ સિધ્ધપુરીઆ કૃત અને TATA Mc Graw-Hill દ્વારા પ્રકાશિત પુસ્તક Retail Franchisingનું પણ કુલપતિશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. પુસ્તકનો પરિચય વિભાગના અધ્યક્ષ ડૉ. રેણુકા ગર્ગ દ્વારા કરાવવામાં આવ્યો હતો.




આ કોન્ફરન્સમાં કુલ છ ટેકનિકલ સેશન (1) Energy -Gas, Oil, Power (2) Banking (3) SEZ, Ports, Real Estate (4) IT/Telecom/E-governance (5) Urban Development (6) Human Resourceમાં વિવિધ ક્ષેત્રના તજજ્ઞો હાજર રહયા હતા. દરેક સેશનમાં એક વિશેષ અતિથિ (ચેરમેન ઓફ સેશન) એ પહેલા પોતાનું પ્રવચન સેશનના વિષયને લગતું આપ્યું હતું ત્યારબાદ પ્રતિનિધિઓ દ્વારા ૫૫ શોધ પેપરો રજૂ કરવામાં આવ્યા હતાં. દરેક સેશનના અંતે વિશેષ અતિથિએ સેશનનું સારાંશ અને પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા. આ કોન્ફરન્સમાં કુલ ૮૧ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

# કોલેજ ન્યૂઝ

## આરોગ્ય




નવયુગ કોમર્સ કોલેજ સુરતના એન. એસ. એસ. વિભાગના ઉપક્રમે દક્ષાબેન ભક્ત સૌજન્યથી દિહેણ ગામે મફત ચશ્મા વિતરણ તથા મફત દંત ચિકિત્સા શિબિર યોજાઈ ગયો. દિહેણ તથા અરીયાણા ગામના આદિવાસી ભાઈ-બહેનોએ ખૂબ જ ઉમળકાભેર આ શિબિરમાં ભાગ લીધો હતો. ૨૩૭ ભાઈ-બહેનોને નંબર કાઢી મફત ચશ્મા આપવામાં આવ્યા હતા. ડાં. અમર નાયકના નેતૃત્વ હેઠળ ૩૮ ભાઈ - બહેનોના દાંતની સારવાર કરવામાં આવી. જરૂરિયાતમંદ મોતીયાના બે દર્દીઓને દિનબંધુ હોસ્પિટલમાં નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવ્યા હતા. સરપંચ દક્ષાબેન પટેલ તથા અન્ય ગ્રામજનોએ ઉત્સાહ દાખવી જરૂરી સાધન સામગ્રી અને સુવિધાઓ પૂરી પાડી હતી. આ શિબિરનો તમામ ખર્ચ રૂા. ૩૦,૦૦૦/- એન. એસ. એસ. ઓફિસર પ્રો. બી.ડી. ભક્તાના પ્રયાસથી દેરોદ ગામના દક્ષાબેન ભકત પરિવાર તરફથી મળી હતી. આ શિબિરમાં પ્રો. બી.ડી ભકતા, પ્રો. બી.જી.વશી, પ્રિ. જે. એમ. નાયક તથા નવયુગ સાયન્સ કોલેજના પ્રિ. અશ્વિનભાઈ પટેલનો સહયોગ અને માર્ગદર્શન મળ્યું હતું.

## કાર્યશિબિર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની તમામ બી.એડ્.કોલેજના આચાર્યો અને અધ્યાપકોની એક સભા યુનિવર્સિટીના સમાજ વિજ્ઞાન ભવન ખાતે મળી હતી. જેમાં હાલમાં જ અમલમાં મૂકાયેલ નવા અભ્યાસક્રમની તથા પ્રશ્નપત્રના માળખાની ચર્ચા કરવામાં આવી હતી. સભાનું અધ્યક્ષ સ્થાન ડિન પ્રિ. ડાં. વિનોદ પટેલ અને પ્રિ. ડાં. નાનુભાઈ પટેલે તથા એસી મેમ્બર પ્રિ. ડાં. જે.પી. ગોહિલે શોભાવ્યું હતું. અભ્યાસક્રમ રચનાની પેટા સમિતિના ચેરમેન ડાં. કે.વી. દેસાઈએ અભ્યાસક્રમની સંપૂર્ણ સમજ આપી હતી. પ્રસ્તુત કાર્યશિબિરમાં ૩૩ બી. એડ્. કોલેજના આચાર્યો અને અધ્યાપકો ઉપસ્થિત રહયા હતા.


## પરિણામ

યુનિવર્સિટી દ્વારા માર્ચ-એપ્રિલ-૨૦૦૯માં લેવાયેલ પરીક્ષામાં જે. એમ. શાહ આર્ટસ - કોમર્સ કોલેજ, જંબુસરનું ટી.વાય.બી.એ.નું પરિણામ ૮૫.૯૬% રહયું. જેમાં અનુક્રમે પ્રથમ વર્ગમાં ૧૦ અને દ્વિતીય વર્ગમાં ૪૯ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે, કોલેજનું ટી.વાય.બી.કોમ.નું કુલ પરિણામ ૬૬.૬૬% રહયું છે.

## ગુરૂપૂર્ણિમા

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તારીખ ૭-૭-૨૦૦૯ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે એફ.વાય.બી.કોમ.ની છાત્રા કુ. હર્ષિદા નિકમે ગુરવંદના રજૂ કરી હતી. ત્યારબાદ પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું. તથા ૧૨૩૧ વિદ્યાર્થીઓએ સંકલ્પ પત્રો ભર્યા હતા.

## મુખપત્ર



**વનગુંજન.** (વર્ષ ૨૦૦૮-૨૦૦૯, અંક : ૧). (ગ્રામ નિર્માણ કેળવણી મંડળ, સંચાલિત જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, થવા). સંપાદક : પ્રા. રમેશભાઈ જે. વાળા.



**ત્રિવેણી.** (વર્ષ ૨૦૦૮-૨૦૦૯). (વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા). સંપાદક : ભાગ્યશ્રી બી. ટંડેલ અને પ્રા. રંજનબેન એચ. દેસાઈ



**અન્વીક્ષા.** (૨૦૦૮-૨૦૦૯). (સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત). સંપાદક : ડૉ. ડી.એમ. પટેલ અને અન્ય.



**ઉદય.** (વર્ષ ૨૦૦૮-૨૦૦૯, અંક : ૪). (ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા-વેસુ, સુરત). સંપાદક : ડૉ. મયુરી રાઠોડ, પ્રા. હેતલબેન પટેલ અને અન્ય.

રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકમાં ક્રિશ્ના મહિડા, ઝંખના પ્રજાપતિ, દ્વિતિય ક્રમાંકમાં સોનલ સાકોરીયા, અલ્પા વૈશ્નવ, સેજલ વડોદરિયા, પિનલ વરસાની, જૂલી સાવલિયા, નિરાલી સોલંકી, મિલન સવાણી, તૃતિય ક્રમાંકમાં જીગીશા પરમાર, જીનલ કુલસ્કર, અંકીતા શાહ, ડેઝી જરીવાલા, આશ્વાસન ઈનામમાં મંથન ઉપાધ્યાય, મયુર મોદી, અનંત સલિયા વિજેતા નિવડયા હતા. મહેંદી સ્પર્ધામાં પ્રથમ વર્ષમાં પ્રથમ ક્રમાંકે જીગીષા ચાવડા, દ્વિતિય ક્રમાંકે સાઈના શેખાની, તૃતિય ક્રમાંકે સેજલ વડોદરિયા અને ચતુર્થ વર્ષમાં પ્રથમ ક્રમાંકે કિરણ દેવાણી, દ્વિતિય ક્રમાંકે કાજલ ગોંડલિયા તેમજ તૃતિય ક્રમાંકે ભકિત ખૂંટ વિજેતા નિવડયા હતા. થાળી સજાવટમાં પ્રથમ ક્રમાંકે ક્રિશ્ના મહિડા, ઝંખના પ્રજાપતિ, દ્વિતિય ક્રમાંકે નિરાલી સોલંકી, પિનલ વરસાણી, તૃતિય ક્રમાંકે જેતાશ્રી ઉપાધ્યાય, કૈનાઝ ભાઠેના, પ્રિતી પચ્ચીગર વિજેતા જાહેર થઈ હતી.

# વાચન વિશેષ

## મહાત્મા ગાંધીને મિત્રની શ્રધ્ધાંજલિ

મહાત્મા ગાંધી કેટલાક સદ્‌ગુણને વધારેમાં વધારે મહત્વ આપે છે, ને તે કેળવવાની આવશ્યકતા પર ઘણો જ ભાર દે છે. તેઓ માને છે કે એ ગુણો કેળવનાર માણસ ઈશ્વરથી ડરીને  ચાલે તો જગતમાં જેનું સંભારણું કાયમ રહે એવું કામ કરી જાય છે.

પહેલો ગુણ તે સત્ય. વચન અને કર્મથી સત્ય આચરવું એટલું એમને મન બસ નથી : હૃદયના ઉંડાણમાં પણ સત્યની આરાધના ચલાવી જોઈએ. તેઓ ઈશ્વરને પણ ‘સત્યનારાયણ’ એ નામે ઓળખે છે. ‘સત્ય એ પરમેશ્વર છે, અને પરમેશ્વર એ સત્ય છે. એ સૂત્ર તેઓ હંમેશા ઉચ્ચારે છે. તેમની સત્યની આરાધના કેટલી ઉગ્ર ને અવરિત છે. તે તેમના નિત્યજીવન પરથી દેખાઈ આવે છે. માણસ સત્યથી એક તસુ પણ ચળે તો પરમાત્માથી વિમુખ ને વિખૂટો પડે છે, ને તેનું આત્મતેજ ઝાંખુ પડી જાય છે.

જેનો ઊગમ પરમાત્મામાં છે તેવો બીજો ગુણ તે અહિંસા. એનો અક્ષરાર્થ છે હિંસાનો અભાવ. પણ મહાત્માજી એનો અર્થ બહુ વિશાળ કરે છે. તેમની અહિંસામાં પ્રેમ અને સેવાના ગુણનો સમાવેશ થાય છે. યુદ્ધ અને ખુનામરકીમાં સક્રિય ભાગ ન લેવો એનું નામ અહિંસા છે. પણ અપકારી પર ઉપકાર કરવો, અવગુણ કેડે ગુણ કરવો, આપણું બૂરું કરનારનું મન જીતી લેવાને ગમે એટલું કષ્ટ વેઠવાને તૈયાર થવું, એ પણ અહિંસા છે. ઈશ્વર જેમ સત્યસ્વરૂપ છે તેમ અહિંસાની મૂર્તિ પણ છે. ‘અહિંસા એ પરમ ધર્મ છે. (અહિંસા પરમો ધર્મઃ) એ એક પ્રાચીન શાસ્ત્રવચન છે. તેથી આ પરમ ધર્મનો પ્રયોગ કયાં કયાં થઈ શકે તે શોધી કાઢવામાં, અને તેનો સત્યની સાથે મેળ સાધવામાં, મહાત્માજી પોતાનું આખું જીવન ગાળે છે. અહિંસા એટલે માત્ર અસત્યની સામે યોજેલો નિઃશસ્ત્ર પ્રતિકાર જ નથી. પણ અસત્યનો સક્રિય - અને છતાં ક્રોધ, દ્વેષ કે હિંસાનો આશ્રય લીધા વિના કરેલો- વિરોધ છે.

ત્રીજો મોટો ગુણ તે બ્રહ્મચર્યનો. મહાત્માજી કહે છે કે એ શબ્દની વ્યુત્પત્તિ ‘બ્રહ્મ’ એટલે કે પરમેશ્વર શબ્દમાંથી થયેલી છે. હિંદુ ધર્મના ઘણા પ્રાચીન ઋષિમુનિઓની પેઠે તેઓ પણ માને છે કે વિષયવિકારને દબાવી દેવાથી, અને પછી તેનું રૂપાંતર કરી તેને ઊંચી કક્ષાએ ચડાવવાથી એવી આધ્યાત્મિક શકિત પેદા થાય છે જે એક દૈવી બળ થઈ પડે છે અને અજબ પરિણામો નિપજાવે છે. સત્ય અને અહિંસાનો સાચો ઉપાસક બ્રહ્મચારી પણ હોવો જોઈએ. લગ્ન એ પણ માણસની નબળાઈ જોઈને આપેલી એક છૂટ છે એમ મહાત્માજી માને છે, બીજા શબ્દોમાં કહીએ તો, વિષયભોગનો સર્વથા ત્યાગ કરવો એટલું જ નહીં, વિચારથી પણ નિર્વિકાર બનવું એને તેઓ મનુષ્યને સાધ્ય એવી આધ્યાત્મિક જીવનની એક ઊંચામાં ઊંચી પાયરી માને છે.

મહાત્મા ગાંધી ખરેખર ધર્મપરાયણ પુરુષ છે. ઈશ્વરની કૃપા વિના માણસ સર્વાંશે પાપ મુકત થઈ શકતો નથી એમ તેઓ માને છે. તેથી પ્રાર્થનાને એમના જીવનમાં બહુ અગત્યનું સ્થાન મળેલું છે. સત્યાગ્રહીમાં સહુથી પ્રથમ આવશ્યક ગુણ તે સત્ય અને અહિંસાની પ્રતિમારૂપ ઈશ્વર વિશેની શ્રદ્ધા છે. મૂક પ્રાર્થના કરતાં તેમને સંભળાયેલા અંતર્યામીના અવાજને અનુસરતાં તેમના જીવનનો આખો પ્રવાહ થોડીક ક્ષણમાં બદલાઈ ગયેલો મેં જોયો છે. જીવનના પરમ મહત્ત્વના પ્રસંગોએ એક ગેબી વાણી નિશ્ચયપૂર્વક તેમની સાથે બોલે છે. તેની અવગણના તેઓ કરી શકતા નથી. એમને જયારે આવા અંતરનાદરૂપે ઈશ્વરી વાણી સંભળાય છે. ત્યારે જગતની કોઈ પણ શકિત તેમને ડગાવી કે ચળાવી શકતી નથી.

તેઓ જેને આત્મપરાયણ જીવનનો માર્ગ ગણે છે તેનું સંપૂર્ણ સમર્થન તેમને ગીતામાં વધારે ને વધારે અંશે દેખાય છે. તેમની આશ્રમ પ્રાર્થનામાં ગીતાના કેટલાક લોકો રોજ ગવાય છે.

ઘણાં વરસ પર ફ્રાન્સના મહાન લેખક રોમેં રોલાંએ મહાત્માજીને “આપણાં યુગના સેંટ પૉલ” એ ઉપનામ આપ્યું હતું. ત્યારે મહાશય રોલાંની ઊંડી તત્ત્વદષ્ટિ જોઈને હું ચકિત થયો હતો. મને એ વર્ણન સાચું લાગ્યું હતું કેમ કે સેંટ પોલની પેઠે ગાંધીજી પણ ધર્મપરાયણ લોકોમાં દ્વિજત્વ પામેલા પુરુષ છે. જુવાનીમાં તેઓ ભારે હોંશથી વકીલાતનો ધંધો કરતા હતા. ધંધામાં સફળતા જીવનમાં મનુષ્ય તરીકેની સફળતા અને એથી ઊંડે ઊંડે એમના અંતરમાં રહેલી રાષ્ટ્રીય નેતા તરીકેની સફળતાની ઈચ્છા એમ -અનેકવિધ સફળતા મેળવવી એ એમના જીવનની મુખ્ય અભિલાષા હતી.

દક્ષિણ આફ્રિકામાં બે વેપારીઓ વચ્ચે મોટો દાવો ચાલતો હતો, તેમાં એક પક્ષના વકીલ તરીકે તેઓ દક્ષિણ આફ્રિકા ગયેલા. ત્યાં સુધી તેમણે એ દેશમાં ચાલતા રંગદ્વેષ વિષે માત્ર વાતો જ સાંભળી હતી. ‘મારા પોતાના ઉપર હુમલો થાય ને મારું અપમાન થાય તો મારી દશા શી થાય ?’ એવો વિચાર તેમણે કદી કર્યો ન હતો. પણ ડરબનથી પ્રિટોરિયાની મુસાફરીમાં એમને એ ભીષણ અનુભવ પૂરેપૂરો થયો. તેમની પાસે પહેલા વર્ગની ટિકિટ હતી, છતાં ગાર્ડે એમને ડબામાંથી ઉતારી મૂકયા, અને ગાડી એમને મૂકીને ચાલી ગઈ. મોડી રાતનો વખત હતો. સ્ટેશન સાવ અજાણ્યું હતું. ત્યાં કોઈ પણ માણસ એમનું ઓળખીતું નહોતું. ત્યાં આ અપમાન વેઠયા પછી તેઓ આખી રાત ટાઢમાં ધ્રુજતા બેસી રહયા, ને મનોમંથન કર્યું. તેમણે મનને પૂછયું : ‘હે જીવ ! મારું કર્તવ્ય શું ? મારે હિંદુસ્તાન પાછા જવું, કે ભગવાનનું શરણ લઈને આગળ જવું અને જે ભોગવવાનું નસીબમાં લખ્યું હોય તે ભોગવવું ?’ સવાર પડતા પહેલાં તેમના આત્માને રસ્તો સાફ દેખાઈ ગયો. તેમણે ભગવાન પર ભરોસો રાખીને મર્દની પેઠે વર્તવાનું નકકી કર્યું. એ પ્રકારનાં અપમાનોનો વરસાદ થોડા જ વખતમાં તેમના પર વરસવાનો હતો; અને દક્ષિણ આફ્રિકામાં રહયાં ત્યાં સુધી એવાં અપમાનના પ્રસંગો આવવા ચાલુ હતા. પણ એકવાર ઝંપલાવ્યા પછી પાછા ફરવાનો વિચાર તેમણ કદી કર્યો નહીં.

એ રાતનો પ્રસંગ ૧૯૩૮ના નવેમ્બરમાં ડૉ. મોટની આગળ ગાંધીજીએ વર્ણવેલો તે મેં સાંભળ્યો હતો. તેમણે એમ પણ કહેલું કે એ અનુભવે એમનું જીવન ફેરવ્યું, ને ત્યારથી એમના જીવનમાં નવું પાનું શરૂ થયું હતું.

ચાર્લી એન્ડ્રુઝ

(સાભાર : ગાંધીજીને જગવંદના : ૭૦મી જયંતીને પ્રસંગે પ્રસિધ્ધ થયેલો લેખસંગ્રહ, સંપાદક : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન.
અનુ. ચંદ્રશંકર પ્રા. મહેતા, મુંબઈ : વોરા એન્ડ કંપની, ૧૯૪૩.

## મીણબત્તી

એક દિવસ હજરત અલી સાહેબ રાજ્યના ખજાનાનો હિસાબ કરવા ગયા. રાતનો સમય હતો. મીણબત્તી સળગાવી હિસાબ કરવા બેઠા.

થોડી વાર પછી બે સરદારો પોતાના અંગત કામ માટે એમની પાસે આવ્યા. હજરત સાહેબે આંખથી ઈશારો કરી તેમને બેસવા કહ્યું.

હિસાબનું કામ પૂરું થયું. હજરત અલીએ મીણબત્તી બુઝાવી નાખી. પોતાના મેજમાંથી બીજી મીણબત્તી કાઢીને સળગાવી.

સરદારોને આ જોઈને આશ્ચર્ય થયું, કારણ કે પેલી મીણબત્તી પૂરી થઈ ગઈ ન હતી, જયારે અલી સાહેબે તેને બુઝાવીને બીજી સળગાવી હતી. સરદારોએ વિનયપૂર્વક એનું કારણ પૂછ્યું.

અલી સાહેબ બોલ્યા, ''અત્યાર સુધી હું રાજયનું કામ કરતો હતો, તેથી રાજયની મીણબત્તી સળગાવી હતી. હવે આપણું અંગત કામ છે, તેથી રાજયની મીણબત્તીનો ઉપયોગ કરું તો હું ચોર ઠરું. માટે આપણા કામ સારુ મેં મારી પોતાની મીણબત્તી સળગાવી છે.'' (અરધી સદીની વાચનયાત્રા : ૩, સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પૃ. ૧૦૫)

# દક્ષિણાયન

## પ્રતિભાવ

પ્રો. પ્રજાપતિ સાહેબ

...'દક્ષિણાયન'ના અંક સાથે પ્રો. સિતાંશુના વ્યાખ્યાનની નકલ મળી ત્યારે પણ સિતાંશુ સાથે વાત કરતાં અમારે આપના વિશે ઉષ્માપૂર્વક વાત કરવાનું બન્યું હતું.

'દક્ષિણાયન'નો પુનઃપ્રારંભ કર્યો તે પણ સાચી દિશાનું સ્તુત્ય કાર્ય છે. આપનું નેતૃત્વ અને કાર્ય આવું જ સરસ સાચી દિશામાં યુનિવર્સિટીને દોરી જનારું બને એવી શુભેચ્છા પણ પાઠવું છું.

પ્રોફે. (ડૉ.) રાજેન્દ્ર નાણાવટી
ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, વડોદરા

## સંપર્ક

કોલેજ ન્યૂઝ નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.


બી.જે. અંકુયા
ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭


## પુસ્તક પરિચય

**શૈક્ષણિક સંશોધન (દિશા દર્શન)**. લે. ડૉ. દીપિકા ભદ્રેશ શાહ. અમદાવાદ : પ્રમુખ પ્રકાશન, ૨૦૦૯. પૃ. ૮૩૯. કિંમત રૂા. ૩૫૦/-

પ્રસ્તુત ગ્રંથના ૧૪ પ્રકરણ પૈકી સંશોધન, શૈક્ષણિક સંશોધન, સંશોધન સમસ્યા, સંશોધનના પ્રકારો, સંશોધનની પદ્ધતિઓ, ચલો, ઉત્કલ્પના, વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી, સંશોધનનાં ઉપકરણો, માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન , કમ્પ્યૂટર પરિચય અને સંશોધનમાં ફાળો, ગુણાત્મક સંશોધન એપીએ પ્રકાશન પદ્ધતિનું માર્ગદર્શન અને શિક્ષણમાં સંશોધનના સિદ્ધાંતો તથા પારિભાષિક શબ્દો અને વિવિધ પ્રકારની સારણીઓ ધરાવતું આ પુસ્તક અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ, સંશોધકો અને ગુજરાત રાજયની યુનિવર્સિટીઓના એમ.એડ.ના વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી છે. તદ્પરાંત એનસીટીઈ/એન સીઈઆરટીના અભ્યાસક્રમને પણ ધ્યાને લઈને આ ગ્રંથની રચના થયેલ છે.

આ ગ્રંથની વિશેષતામાં કમ્પ્યૂટર પરિચય અને સંશોધનમાં ફાળો નામનું પ્રકરણ છે. પુસ્તકની અનુક્રમણિકામાં જ ગ્રંથમાં સમાવિષ્ટ મુદ્દાઓની સામગ્રી ઉપલબ્ધ છે જે વાચકનો સમય બચાવે છે.

શૈક્ષણિક સંશોધન સંબંધિત ગુજરાતી ભાષામાં નહિવત પ્રમાણમાં પુસ્તકો ઉપલબ્ધ છે ત્યારે આ પુસ્તક તેના વિષય વસ્તુની દ્રષ્ટિએ પણ સંશોધકોને ગ્રંથમાં ઉપલબ્ધ સંદર્ભ સૂચિના માધ્યમથી વિશેષ માહિતી પૂરી પાડે છે. ઓછામાં ઓછા ટેકનિકલ શબ્દપ્રયોગો અને ક્રમાનુસાર પગથિયાંથી આ ગ્રંથ વિદ્યાર્થીઓને સંશોધનકાર્યમાં ઉપયોગી નીવડશે.

રાજયની પ્રત્યેક કોલેજોનાં ગ્રંથાલયો તથા યુનિવર્સિટી ગ્રંથાલયોએ ખરીદવા યોગ્ય ગ્રંથ છે. અત્રે ઉલ્લેખનીય છે કે લેખિકા યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં પ્રોફેસર તરીકે કાર્યરત છે.

(બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન)

સ્નેહ શૌર્ય જયરંગ દેવી શ્રી શારદ તારો,
નર્મદ હું ભકત સાચો હોઉં રંગ રાખ મારો.

નર્મદ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT


**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat. Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com

This newsletter is also available on the Library at website www.vnsgulibrary.org